ખજોદ ડમ્પિંગ સાઇટ ઉપર 1 વર્ષમાં 5 વાર શંકાસ્પદ આગની ઘટના બની

213 કરોડનું કૌભાંડ છુપાવવા આગનો આક્ષેપ

જૂની કંપનીના પાપે રૂ.12 લાખ ટન કચરો બાકી

આગ અને કચરો બારોબાર નિકાલ થતો હોવાનું કૌભાંડ છતાં બ્લેકલિસ્ટ નહીં

સુરતઃ સુરત મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની અક્ષમતા, ભ્રષ્ટાચાર અને ઘોર બેદરકારીનો વધુ એક મોટો પર્દાફાશ થયો છે. સુરત ડાયમંડ બુર્સની આબરૂ બચાવવાના નામે કરોડો રૂપિયાનું આંધણ કરનાર મનપા તંત્રની મિલીભગતથી વાપીની નિષ્ફળ સી.ડી. ટ્રાન્સપોર્ટ કંપની અને નવા કોન્ટ્રાકટર ડીએચ પટેલને છાવરવામાં આવી રહ્યા છે. કંપનીનો ભ્રષ્ટ કારોબાર અને લાખો ટન કચરો નિકાલ કરવામાં થયેલી નિષ્ફળતા પર પડદો પાડવા માટે જ કોન્ટ્રાક્ટ પૂરો થવાના બરાબર 4 દિવસ પહેલાં જ ખજોદ ડમ્પિંગ સાઇટ પર શંકાસ્પદ રીતે ભીષણ આગ લગાડી દેવાઈ હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે. નિષ્ફળ કંપનીની કરતૂતોના કારણે સુરત ડાયમંડ બુર્સની આસપાસ ગંદકી અને દુર્ગંધના સામ્રાજ્યથી વેપારીઓ ત્રસ્ત છે. બુર્સની આબરૂ બચાવવા માટે મનપાએ પોતાના ખર્ચે રૂ.૨.૨૨ કરોડથી વધુ રૂપિયા વેડફી નાંખ્યા છે. આ તરફ કાયદાની આંટીઘૂંટી સર્જીને હવે ડી.એચ.પટેલ એલ.એલ.પી. નામની નવી કંપનીને ૩ વર્ષમાં અંદાજે ૨૭૭ કરોડ રૂપિયાનો નવો મસમોટો કોન્ટ્રાક્ટ પધરાવી દેવામાં આવ્યો છે. વિપક્ષે આ સમગ્ર પ્રકરણમાં ૨૧૩ કરોડ રૂપિયાના મસમોટા કૌભાંડનો ગંભીર આક્ષેપ કર્યો હતો.

GPCBની મનપાને શો-કોઝ નોટિસ

ખજાદોની આગની ઘટનાને ગંભીરતાથી લઈને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (GPCB) એ હવા પ્રદૂષણના મુદ્દાને કેન્દ્રમાં રાખીને તુરંત જ મનપા તંત્રને શો-કોઝ નોટિસ ફટકારી છે. બીજી બાજુ કાંઠા વિસ્તાર પરિવર્તન ટ્રસ્ટ દ્વારા એનજીટીમાં ફરિયાદ જવાબદારો સામે કાર્યવાહીની માંગ કરવામાં આવી છે. બીજી બાજુ, મનપાએ આ સમગ્ર ઘટનાની તપાસ માટે ડેપ્યુટી ઇજનેર ભાવેશ પટેલ અને આસિસ્ટન્ટ ઇજનેર પ્રતિક પટેલની બનેલી કમિટી નીમી છે.

30 લાખ ટનનો ટાર્ગેટ છતાં માત્ર ૫૦% કામ અને છતાં બ્લેકલિસ્ટ નહીં!

સુરત મનપાએ વાપીની સી.ડી. ટ્રાન્સપોર્ટ કંપનીને ૩ વર્ષ માટે ૨૧૩ કરોડ રૂપિયાનો મસમોટો કોન્ટ્રાક્ટ આપ્યો હતો. ૩૦ લાખ મેટ્રિક ટન કચરો હટાવવાના ટાર્ગેટ સામે આ કંપની માત્ર ૧૩.૬૨ લાખ ટન કચરો જ પ્રોસેસ કરી શકી છે, એટલે કે સીધી રીતે ૫૦ ટકા કામમાં જ કંપનીએ હાથ ઊંચા કરી દીધા છે. SVNITની એક્સપર્ટ ટીમનો સ્પષ્ટ રિપોર્ટ છે કે હજુ પણ સાઇટ પર ૧૨ લાખ મેટ્રિક ટન કચરાનો રાક્ષસી પહાડ મોં ફાડીને ઊભો છે. નિયમ મુજબ આ નઘરોળ કંપનીને તાત્કાલિક બ્લેકલિસ્ટ કરીને તેની સામે ફોજદારી ગુનો નોંધવો જોઈએ, પરંતુ પાલિકાનું તંત્ર આ કંપની પર મહેરબાન થઈને તેના પાપ છુપાવી રહ્યા છે.

કોન્ટ્રાક્ટમાંથી છૂટા થવાના 4 દિવસ અગાઉ જ આગ: અધિકારીઓની બચાવબાજી

જે કંપનીનો કોન્ટ્રાક્ટ ૪ નવેમ્બરે પૂરો થતો હતો, તેના ૨ ૪ દિવસ પહેલાં ૧ નવેમ્બરની વહેલી સવારે અચાનક ખજોદ સાઇટ પર ભીષણ આગ ફાટી નીકળી હતી. અગાઉની તપાસો કાગળ પર જ રહી છે અને હવે ફરી નવી તપાસનું નાટક શરૂ કરાયું છે. વહેલી સવારે લાગેલી આ આગ કોઈ કુદરતી નહીં પરંતુ પુરાવાઓનો નાશ કરવા અને કરોડોના કૌભાંડ પર માટી નાંખવા માટે ઇરાદાપૂર્વક લગાડવામાં આવી હોવાની શંકા દ્રઢ બની રહી છે, જેને લઈને ડ્રીમ સિટી પોલીસ સ્ટેશનમાં માત્ર જાણવાજોગ નોંધ કરાવી મામલો ઠંડો પાડવાના પ્રયાસો ચાલી રહ્યા છે. જ્યારે આ અંગે ખજોદના જવાબદારી સંભાળતા અને આગ અંગે તપાસ સોંપાઇ છે તે ડેપ્યુટી ઇજનેર ભાવેશ પટેલને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કચરાના જથ્થા અંગે ગોળગોળ જવાબ આપી ગરમી અને ડ્રાય વેસ્ટના રોદણા રડી જવાબદારીમાંથી છટકવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો.

કોંગ્રેસ દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત

સુરતની ખજોદ સોલિડ વેસ્ટ ડમ્પિંગ સાઇટ પર વારંવાર લાગતી ભીષણ આગની ઘટનાઓને ગંભીરતાથી લઈને પૂર્વ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્ય સુરેશભાઈ સુહાગીયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને લેખિત પત્ર પાઠવ્યો છે. પત્રમાં આ મામલે તટસ્થ તપાસ માટે પોલીસ ફરિયાદ નોંધવા, જવાબદાર એજન્સીઓ અને કોન્ટ્રાક્ટરોને બ્લેકલિસ્ટ કરવા તેમજ લાપરવાહી દાખવનાર મનપા અધિકારીઓ સામે સસ્પેન્શન જેવા કડક પગલાં લેવાની માંગ કરાઈ છે.

TRB મહિલા કર્મીને કાર ચાલકે ઉડાવી બંને પગના ઘૂંટણમાં ફ્રેક્ચર, બે દાંત તૂટ્યા

તાડવાડી ત્રણ રસ્તા પાસે સિગ્નલ ભંગ કરી પૂરપાટ ઝડપે કાર હંકારનાર ડિંડોલીના ચાલક ભરત પાટીલ વિરુદ્ધ ગુનો દાખલ

સુરતઃ રાંદેરના તાડવાડી ત્રણ રસ્તા પાસે ટ્રાફિક નિયમનની ફરજ પર હાજર રહેલી ટી.આર.બી. મહિલા કર્મીને સિગ્નલનું ઉલ્લંઘન કરી પૂરપાટ ઝડપે આવી રહેલી એક સ્વિફ્ટ કારના ચાલકે અડફેટે લીધી હતી. આ અકસ્માતમાં મહિલા કર્મીને ગંભીર ઈજા પહોંચતાં બંને પગના ઘૂંટણમાં ફ્રેક્ચર થયું છે અને બે દાંત તૂટી ગયા છે.

ગ્રીન ઓરિયન્ટ કેનાલ રોડ જહાંગીરાબાદ ખાતે રહેતી અને છેલ્લાં દસ વર્ષથી રિજિયન-4 સર્કલ-13માં ટી.આર.બી. તરીકે ફરજ બજાવતી કલ્પનાબેન શૈલેષભાઈ પટેલ (ઉં.વ.40) ગત તા.1/11/2026ના રોજ સવારના સાત વાગ્યાથી તાડવાડી ત્રણ રસ્તા પાસે વુમન એલ.આર. દક્ષાબેન રણછોડભાઈ સાથે ટ્રાફિક નિયમનની ફરજ પર હાજર હતી. સવારના પોણા અગિયારેક વાગ્યાના અરસામાં પાલનપુર પાટિયા તરફથી અડાજણ તરફ જતાં વાહનો માટે ટ્રાફિક સિગ્નલ બંધ થયું હતું. તે જ સમયે પાલનપુર પાટિયા તરફથી પૂરપાટ ઝડપે આવી રહેલી એક સફેદ રંગની સ્વિફ્ટ કાર નં.(GJ-05-CW-1800) ના ચાલકે સિગ્નલ હોવા છતાં કાર રોકી ન હતી. તેણે રસ્તો ઓળંગવાની કોશિશ કરી કલ્પનાબેનને રોકવા છતાં પોતાની કાર ઊભી રાખવાને બદલે સીધી તેમના તરફ ચલાવી દીધી હતી અને જોરદાર ટક્કર મારી હતી. કારની ટક્કર વાગતાં કલ્પનાબેન રસ્તા પર ફંગોળાઈને નીચે પટકાયાં હતાં. જેના કારણે તેમના બંને પગના ઘૂંટણના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી તેમજ મોંના ઉપરના ડાબી બાજુના બે દાંત તૂટી ગયા હતા. ઘટના સ્થળે હાજર સહકર્મી દક્ષાબેન રણછોડભાઈ અને આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને કાર ચાલકને રોકી રાખ્યો હતો. પૂછપરછમાં ચાલકે પોતાનું નામ ભરત સુરેશભાઈ પાટીલ (રહે.,અંબિકા પાર્ક સોસાયટી, ડિંડોલી, સુરત) હોવાનું જણાવ્યું હતું. કલ્પનાબેનને પહેલાં નજીકની ખાનગી હોસ્પિટલમાં અને ત્યારબાદ વધુ સારવાર માટે સગરામપુરાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. આ ગંભીર અકસ્માત અને ફરજમાં રૂવાબ તથા બેદરકારી દાખવવા બદલ કાર ચાલક ભરત સુરેશભાઈ પાટીલ વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે તપાસ શરૂ કરી છે.

આખરે ચૌટાપુલ અને રાજમાર્ગ પરના દબાણો સામે બુલડોઝર ફર્યું

ભારે પોલીસ બંદોબસ્ત સાથે પાલિકાની આક્રમક કાર્યવાહી

રસ્તા ખુલ્લા થતાં હજારો ખરીદીદારોએ રાહતનો શ્વાસ લીધો, વેપારીઓમાં રોષ



સુરતઃ દિવાળીના પર્વને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે સુરતના ઐતિહાસિક અને સૌથી વ્યસ્ત ખરીદી કેન્દ્ર એવા ચોટાપુલ અને રાજમાર્ગ પર સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન દ્વારા આજે સપાટો બોલાવવામાં આવ્યો હતો. પાલિકાના દબાણ ખાતાની ટીમે ભારે પોલીસ બંદોબસ્ત અને જેસીબી મશીનો સાથે બજારમાં ધમાકેદાર એન્ટ્રી કરતાં જ ગેરકાયદે દબાણકર્તાઓમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. મનપાની ટીમે કડક વલણ અપનાવીને રસ્તા પર નડતરરૂપ તમામ ચીજવસ્તુઓ હટાવવાની આક્રમક કાર્યવાહી શરૂ કરી હતી. બજારમાં ગ્રાહકોને તડકો ન લાગે તે માટે વેપારીઓએ દુકાનોની ઉપર અને રસ્તાની વચ્ચે બાંધેલી લાંબી-લાંબી તાડપત્રીઓ તેમજ પ્લાસ્ટિકના શેડને પાલિકાના કર્મચારીઓએ છરીઓ વડે કાપીને જપ્ત કરી લીધા હતા. આ ઉપરાંત, દુકાનદારો દ્વારા ગ્રાહકોને આકર્ષવા માટે દુકાનની બહાર ડિસ્પ્લેમાં મૂકવામાં આવેલા, કિંમતી કપડાં પહેરાવેલા ડમી સ્ટેચ્યુ (માનવ પૂતળા) પણ પાલિકાની ગાડીઓમાં ભરી લેવામાં આવ્યા હતા. વેપારીઓએ અવરજવરના જાહેર રસ્તા પર ગેરકાયદે બનાવેલા લોખંડ અને સિમેન્ટના કાયમી પગથિયાંને જેસીબીની મદદથી તોડી પાડવામાં આવ્યા હતા. સામી દિવાળીએ થયેલી આ કડક કાર્યવાહીથી બજારના વેપારીઓમાં ભારે રોષ અને ગણગણાટ જોવા મળ્યો હતો, જ્યારે બીજી તરફ રસ્તો એકદમ ખુલ્લો અને સાફ થઈ જતાં ખરીદી કરવા આવેલા હજારો સામાન્ય નાગરિકોએ મનપાની આ કામગીરીને બિરદાવી રાહતનો શ્વાસ લીધો હતો.

સોનારીમાં 4 લાખનો દારૂ ઝડપાયો પણ ભઠ્ઠીનો માલિક અનિલ ખાટી પકડાયો નહીં!

સોનારી ગામમાં બે ધમધમતી ભઠ્ઠીઓ પર વિજિલન્સ ત્રાટકી

17.49 લાખનો મુદ્દામાલ જપ્ત, મુખ્ય સૂત્રધાર અનિલ કાંતા સહિત બે વોન્ટેડ

હરીફ બુટલેગરે કુખ્યાત બુટલેગર અનિલ ખાટીની ગેમ કરી દીધી હોવાની ચર્ચા

સુરતઃ રાજ્યમાં લઠ્ઠાકાંડ જેવી ગંભીર હોનારતો બાદ પણ સુરતના પાંડેસરા વિસ્તારમાં દારૂબંધીના લીરેલીરા ઉડાડતી વરવી વાસ્તવિકતા સામે આવી છે.

સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે સોનારી ગામ ખાતે બે દેશી દારૂની ભઠ્ઠીઓ પર દરોડો પાડી નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. જોકે, આ દરોડા બાદ પોલીસ બેડા અને બુટલેગરોમાં એવી જોરશોરથી ચર્ચા છેડી છે કે શહેરના એક હરીફ બુટલેગરે પોતાના અંગત સંબંધો અને વગનો ઉપયોગ કરીને અનિલ ખાટી ઉર્ફે અનિલ પટેલની ગેમ કરી નાંખી છે.

દરોડા દરમિયાન કુણાલ હેમંતભાઈ ખત્રી, જિતેન્દ્રકુમાર માધવશરણ મિશ્રા અને એરીસકુમાર રમેશભાઈ રાઠોડ રંગેહાથ ઝડપાઈ ગયા હતા. જ્યારે મુખ્ય આરોપી અનિલ કંચનભાઈ પટેલ (અનિલ ખાટી) સહિત અન્ય બે શખ્સો ફરાર થઈ ગયા હતા. જેને પોલીસ હવે શોધી રહી છે. દરોડા દરમિયાન વિજિલન્સે દેશી દારૂ 2,070 લિટર (કિંમત રૂ. 4,14,000), દારૂ બનાવવાનો આથો 23,100 લિટર (કિંમત આશરે રૂ. 5,77,000), કાર તથા મોટરસાઈકલ સહિત 8 વાહનો (કિંમત રૂ. 6,80,000), ગેસના બાટલા, મોટા ચૂલા, બોઈલર બેરલ, પાઈપલાઈન અને મશીનરી કબજે કરી હતી. આ મામલે ગુનો નોંધી પીએસઆઈ દિનેશભાઈ જયદેવભાઈ બારોટે વધુ તપાસ હાથ ધરી છે.

પડદા પાછળના આકાઓને કારણે અનિલ ખાટી બેફામ

પોલીસ બેડામાં એવી પણ ગંભીર ચર્ચાઓએ જોર પકડ્યું છે કે પડદા પાછળ રહેલા 'પોલીસ દાદાઓ' અને આકાઓએ અનિલ ખાટી સામે કોઈ નક્કર શિક્ષાત્મક કાર્યવાહી નહીં થાય તેવી ખુલ્લી ખાતરી આપી રાખી હતી. આ આકાઓનાં આશીર્વાદ અને રક્ષણ મળવાના કારણે જ તે ખુલ્લેઆમ સુરતમાં બેફામ હરીફરી રહ્યો છે અને કાયદાનો કોઈ ડર રાખ્યા વગર ગેરકાયદે નેટવર્ક ચલાવતો હતો.

ઝૂંપડામાંથી મર્સિડીઝ સુધીની સફર અને 'સિન્ડિકેટ વૉર'

ચર્ચા મુજબ સામાન્ય સ્થિતિમાંથી માત્ર બે જ વર્ષમાં ઝૂંપડામાંથી મહેલો અને મ ર્સિડીઝ બેન્ઝ ગાડીઓમાં ફરતો થયેલો અનિલ ખાટી સુરતમાં 50 જેટલા દેશી દારૂના ગેરકાયદે સ્ટેન્ડ ચલાવતો હતો. થોડા સમય અગાઉ શહેરનો એક મોટો બુટલેગર દારૂના કેસમાં હાજર થતાં સંબંધિત પીઆઇ લાલઘૂમ થયા હતા. આ ઘટનાની અદાવત રાખીને તે માતેલા સાંઢ જેવા હરીફ બુટલેગરે પોલીસના ઉચ્ચ અધિકારીઓ સાથેના ઘરોબાનો લાભ લઈ અનિલ ખાટી પર સીધી વિજિલન્સની રેડ કરાવી 'એક કાંકરે બે પક્ષી' મારવાની ચાલ ચાલી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

અનિલ હટતાં જ કુખ્યાત 'સિત્તુ' ગોઠવાઈ ગયો

આ રેકેટ પાછળ શહેરના કેટલાક સફેદપોશ મોટાં માથાંની પણ ભાગીદારી હોવાનું બહાર આવી રહ્યું છે. આ નેટવર્કમાંથી રોજેરોજ સીધી રૂ.15થી રૂ.20 લાખની રોકડ ઉઘરાવાતી હતી. અનિલ ખાટી સામે કોઈ કડક પગલાં ન લેવાયાં હોવા છતાં, તેનું સ્થાનિક નેટવર્ક વિજિલન્સના હાથે પકડાતાંની સાથે જ તેના સ્ટેન્ડ્સ પર કુખ્યાત 'સિત્તુ' અને અન્ય બુટલેગરો ગોઠવાઈ પણ ગયા છે. આટલા મોટા આર્થિક વ્યવહારો કોના ઈશારે ચાલતા હતા, તે પણ ઉચ્ચ સ્તરીય તપાસ માંગી લેતો ગંભીર વિષય બન્યો છે.

આઈએએસ લોઢાના પ્રયાસોથી ટ્રાયલ રન વગર માત્ર 20 દિવસમાં મંજૂરી મળી

'હોટફિક્સ'ના નિકાલનો માર્ગ મોકળો દેશમાં પ્રથમ મનપાને CPCBની મંજૂરી

વરાછા, પુણા સહિતના વિસ્તારોમાં માથાનો દુખાવો બનેલા હોટફિક્સ વેસ્ટનો ઉદ્યોગોમાં ઉપયોગ કરવા છૂટ

હોટફિક્સ કચરાના બેલિંગ માટે 6 મશીન કાર્યરત કરી દેવાયા: રોજનું 24 ટન પ્રોસેસનો લક્ષ્યાંક

મહાનગરપાલિકા દ્વારા હોટફિક્સ કચરાની સમસ્યાના કાયમી ઉકેલ માટે સઘન પગલાં લેવામાં આવી રહ્યાં છે. હાલમાં આંજણા અને વરાછા તેમજ ખજોદ ખાતે મળી કુલ 6 બેલિંગ મશીન કાર્યરત કરવામાં આવ્યાં છે. જેમના દ્વારા કલાક દીઠ 240 કિલોની ક્ષમતા સાથે દૈનિક 11 ટન કચરો પ્રોસેસ અને કોમ્પેક્ટ કરવામાં આવી રહ્યો છે. જે ચાલુ સપ્તાહના અંતમાં રોજીંદા 24 ટન સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક છે. ઉપરાંત પ્લાસ્ટિક વેસ્ટની એજન્સી ઇકો વિજન પાસે 17 કિલો ટન પ્રતિ દિવસ પ્રોસેસની ક્ષમતા ધરાવતી મશીન છે તે કાર્યરત કરવાની સૂચના સાથે પુણા વિસ્તારમાં મનપાની શાકમાર્કેટ વાળી જગ્યા ખાતે મશીન મૂકવાનો નિર્ણય લેવાયો છે. તે કાર્યરત થતાં રોજના 50 ટનથી વધુની પ્રોસેસ થવાની આશા ડે.કમિ. સ્મીત લોઢાએ વ્યક્ત કરી છે.


સુરતઃ સુરત મહાનગરપાલિકા માટે છેલ્લા કેટલાક સમયથી માથાનો દુખાવો સાબિત થયેલા અને આગની ઘટનાઓને કારણે ચિંતાનું કારણ બનેલા 'હોટફિક્સ' કચરાના યોગ્ય નિકાલનો આખરે કાયમી રસ્તો મળી ગયો છે. CPCB દ્વારા પ્રોસેસ થયેલા હોટફિક્સ કચરાનો ઉપયોગ ઉદ્યોગોના બોઇલરમાં કરવા માટે સુરત મનપાને અધિકૃત મંજૂરી આપી દેવામાં આવી છે. દેશમાં આ પ્રકારે કોઈપણ મહાનગરપાલિકાને હોટફિક્સ વેસ્ટનો બોઇલરમાં ઉપયોગ કરવાની મંજૂરી મળી હોય તેવો આ પ્રથમ કિસ્સો છે. હાલના તબક્કે વરાછા, પુણા સહિતના અનેક વિસ્તારોમાં હોટફિક્સ કચરાના ઢગલા થવાથી આગ લાગવાની ચિંતાજનક ઘટનાઓ સામે આવી રહી હતી. આ સમસ્યાના લાંબા ગાળાના ઉકેલ માટે મનપાએ 'વેસ્ટ ટુ એનર્જી' પ્રોજેક્ટ અંતર્ગત આ કચરો ઉદ્યોગોને આપવાનું આયોજન હાથ ધર્યું હતું. આગામી દિવસોમાં સુરતના સ્થાનિક ઉદ્યોગોને પણ તેમની જરૂરિયાતના આધારે આ કચરો પૂરો પાડવામાં આવશે.

સગીરાનો વારંવાર પીછો કરી જાતીય સતામણી કેસમાં વિધર્મી આરોપીને ૫ વર્ષની કેદ

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં સગીરાની છેડતી કરવા અને તેનો સતત પીછો કરવાના પોક્સો કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપી મોહમદ સાબીર નફીસ કુરેશીને દોષિત ઠેરવી પાંચ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. ફરિયાદ પક્ષના જણાવ્યાનુસાર ભોગ બનનાર સગીરા કોમ્પ્યુટર ક્લાસે આવ-જા કરતી હતી, ત્યારે આરોપી મોહમદ શાબીર અવારનવાર તેનો પીછો કરતો હતો. આરોપી સગીરા પર જબરદસ્તીથી વાતચીત કરવા માટે દબાણ કરતો હતો અને તેને હેરાન-પરેશાન કરતો હતો. આ અંગે સગીરાના વાલી દ્વારા ડિંડોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા સઘન તપાસ કરી કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. બંને પક્ષની રજૂઆત બાદ આ કેસની ન્યાયિક કાર્યવાહી પૂર્ણ થતાં સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપીને ૫ વર્ષની કેદની સજા અને દંડ ફટકાર્યો હતો.

1.24 કરોડનું સાયબર ફ્રોડ કરનાર M.Tech પાસ એન્જિનિયર નીકળ્યો

સરકારી ઓળખકાર્ડ અને ફેક ડોક્ટરેટની આડમાં ખેલ કરનાર આ નકલી એક્સપર્ટ એન્જિનિયર મુંબઈથી ઝડપાયો



સુરતઃ ઉચ્ચ અભ્યાસ કરીને એન્જિનિયર બનેલા એક યુવકે બેકારીના કારણે ગુનાખોરીનો રસ્તો અપનાવી સાયબર ફોરેન્સિક એક્સપર્ટનો સ્વાંગ રચી કરોડોની ઠગાઈ આચરી હોવાનો પર્દાફાશ સુરત સાયબર ક્રાઈમે કર્યો છે.

B.Tech અને M.Techની ડિગ્રી ધરાવતો ૩૪ વર્ષીય પ્રિયાંક સમીરભાઈ વ્યાસ બ્રાઉન રંગની BMW કાર પર સરકારી સાયબર ફોરેન્સિક વિભાગનું બોર્ડ લગાવીને ફરતો હતો. ભારત સરકારના રાજચિહ્નવાળું બનાવટી ઓળખકાર્ડ અને નકલી ડોક્ટરેટની ડિગ્રીના આધારે વેપારીઓમાં વિશ્વાસ ઊભો કરી ડાર્ક વેબ, ક્રિપ્ટો અને ફોરેક્સ ટ્રેડિંગમાં જંગી નફાની લાલચ આપતો હતો. સુરતના પેટ્રોકેમિકલ વેપારી પાસેથી રૂ. ૧.૨૪ કરોડથી વધુની ઠગાઈના કેસમાં પોલીસે તેને મુંબઈથી ઝડપી લીધો છે. આ ગુનામાં મદદગારી કરનાર સુરતનો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રોહન કેલાવાલા ફરાર છે.

મુખ્ય આરોપી ઝડપાયો, CAની શોધખોળ

આ કેસમાં વેપારીઓને પ્રિયાંક સુધી પહોંચાડવામાં અને ઠગાઈના નેટવર્કમાં મદદગારી કરવામાં ભૂમિકા ભજવનાર સુરતનો ૩૫ વર્ષીય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રોહન કેલાવાલા (રહે. કૈલાસ નગર,સુરત, ઓફિસ માઇલ સ્ટોન એક્રોપોલિસ, સિટીલાઇટ)હાલ ફરાર છે. પોલીસે તેની શોધખોળ શરૂ કરી છે.

મનપાના કાયદા વિભાગનો હવાલો ડે.કમિ. મિસ્ત્રીને હવાલે

તાજેતરમાં નાસીરનગર પ્રકરણમાં કાયદા વિભાગમાંથી કોઈ કમિ. કે સ્થાયી ચેરમેન સાથે હાઈકોર્ટમાં નહીં હોવાથી ફેરફાર કરાયો

સુરતઃ સુરત મહાનગરપાલિકાના કમિશનર દ્વારા એક જ સિંગલ ઓર્ડરથી કાયદા વિભાગના ડિવિઝનલ હેડ તરીકે જવાબદારીમાં મહત્ત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે.

આ ઓર્ડર અંતર્ગત ડેપ્યુટી કમિશનર સ્વાતિ દેસાઈને સ્થાને ડેપ્યુટી કમિશનર ધર્મેશ મિસ્ત્રીને આ વિભાગનો હવાલો સોંપવામાં આવ્યો છે. મનપા કમિશનર દ્વારા ફક્ત એક જ વિભાગના ડિવિઝનલ હેડની બદલીનો આ આદેશ હાલ મનપા અધિકારીઓ માટે આઈએએસ અધિકારીઓ દ્વારા સુરત મનપાના સ્થાનિક અધિકારીઓને સાઇડ ટ્રેક કરવાના વધુ એક ગેમપ્લાન તરીકે જોવામાં આવી રહ્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર તાજેતરમાં નાસીરનગર ડિમોલિશન પ્રકરણ સંદર્ભે હાઈકોર્ટમાં થયેલી સુનાવણી વખતે મનપા કમિશનર અને સ્થાયી સમિતિના અધ્યક્ષ હાજર રહ્યા હતા. જોકે, આ કાર્યવાહી દરમિયાન કાયદા વિભાગ કે સેન્ટ્રલ ઝોનમાંથી કોઈપણ અધિકારી કે કર્મચારી કોર્ટમાં ઉપસ્થિત રહ્યા ન હોવાની ચર્ચા છે. આ બાબતના પરિણામે જ કાયદા વિભાગના ડિવિઝનલ હેડની જવાબદારીમાં આ ફેરફાર કરાયો હોવાની શક્યતાઓ વ્યક્ત થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, સુરત મહાપાલિકામાં કાયદા વિભાગ પહેલેથી જ નબળો છે. ભૂતકાળમાં પણ કાયદા વિભાગ મનપાને હાઈકોર્ટમાં બચાવી શક્યું નથી. જેથી માત્ર હવાલાઓ બદલવાને કારણે આખા કાયદા વિભાગનું રિપેરિંગ કરવું પડે તેવી સ્થિતિ હોવાનું જાણવા મળી રહ્યું છે.

સંક્ષિપ્ત સમાચાર

અંબિકાનિકેતનમાં અન્નકૂટના દર્શન



■ પાર્લેપોઈન્ટ ખાતે આવેલા અંબિકાનિકેતન મંદિરમાં અંબા માતાની સાલગીરી નિમિત્તે અન્નકૂટનું આયોજન કરાયું હતું. ભક્તોએ મોટી સંખ્યામાં અન્નકૂટના દર્શન કર્યા હતા. (તસવીરઃ સતીષ જાદવ)

જૈન ડોક્ટર્સ ફેડરેશનના પ્રમુખ પદે સતત 11મા વર્ષે ડૉ. વિનેશ શાહ



સુરતઃ જૈન ડોક્ટર્સ ફેડરેશન (JDF), સુરતની વાર્ષિક સાધારણ સભા 1 નવેમ્બર, 2026ના રોજ મળી હતી. જેમાં વર્ષ 2026-28 માટે નવી કારોબારીની સર્વાનુમતે રચના કરી સતત અગિયારમા વર્ષે પ્રમુખપદે ડૉ. વિનેશ શાહની વરણી કરાઈ હતી. ઉપપ્રમુખ તરીકે મનુભાઈ ઝોટા અને ડૉ. અલ્પેશ શાહ, મંત્રી તરીકે ડૉ. દર્શન વાડેકર, ખજાનચી તરીકે ડૉ. વિશાલ શાહ અને ડૉ. વિતરાગ શાહની વરણી થઈ હતી. સલાહકાર મંડળમાં ડૉ. જીતુભાઈ શાહ, ડૉ. શૈલેષભાઈ શાહ અને અનલબેન પરીખ, સહમંત્રી તરીકે ડૉ. ટીના શાહ તથા સહખજાનચી તરીકે ડૉ. જીનય શાહની નિમણૂક થઈ હતી. કારોબારી સભ્યોમાં ડૉ. મનોહર ગેમાવત, ડૉ. રાજેશ જૈન, ડૉ. કાજલ સંઘવી, ડૉ. મલય પારેખ, ડૉ. જોય ચોકસી, નિરલ ઝોટા, ડૉ. પરીન શાહ, ડૉ. નીમા શાહ, ડૉ. માનસી શાહ, ડૉ. શ્વેતા વાડેકર, ડૉ. રીકીન શાહ, ડૉ. પ્રિયાંક શાહ, ડૉ. નિરલ શાહ અને ડૉ. શ્રુજલ શાહનો સમાવેશ કરાયો હતો. ડૉ. વિનેશ શાહે જણાવ્યું કે JDF સેવા, સંગઠન અને સદભાવનાના ત્રિસૂત્ર પર ચાલતી બિનરાજકીય સંસ્થા છે. કતારગામ, લાલ દરવાજા, વેડ રોડ, અડાજણ, નાનપુરા અને પાલમાં છ જનરલ તથા ડેન્ટલ ક્લિનિક કાર્યરત છે. અહીં રૂ. 10થી 20માં દવા સહિત સારવાર અને રૂ. 50માં દાંતની તપાસ તથા એક્સ-રેની સુવિધા મળે છે.

સનાતન ફાઉન્ડેશનના વસ્ત્રદાન સેવાયજ્ઞમાં 10 હજારથી વધુ કપડાનું દાન મળ્યું



સુરતઃ દિવાળી એટલે પ્રકાશ, ઉલ્લાસ અને ખુશીઓ વહેંચવાનો પર્વ. આ તહેવાર પર સમાજના છેવાડાના અને જરૂરિયાતમંદ પરિવારોના ચહેરા પર સાચી 'મુસ્કાન' લાવવા માટે સનાતન ફાઉન્ડેશન દ્વારા શરૂ કરાયેલ 'સનાતન કપડા બેંક' અંતર્ગત વિશેષ વસ્ત્રદાન અભિયાન સુરતીલાલાઓના અભૂતપૂર્વ સહકાર સાથે ખૂબ જ સફળતાપૂર્વક સંપન્ન થયું છે. સંસ્થાના અગ્રણી પ્રવિણ ભાલાળાએ જણાવ્યું હતુ કે, આ ભગીરથ કાર્યમાં ૨૦ જેટલી સામાજિક સંસ્થાઓ તેમજ ૩૫ થી ૪૦ જેટલી સોસાયટીઓ અને એપાર્ટમેન્ટ કેમ્પસના પ્રેસિડેન્ટશ્રીઓ તથા રહીશો સહભાગી થયા હતા. શહેરીજનોની ઉદારતાના પરિણામે સંસ્થાને ૧૦,૦૦૦ થી વધુ જુના અને નવા કપડાઓ દાનમાં મળ્યા છે. જેમાં અંદાજે ૨,૨૦૦ જેટલા પેન્ટ, ૨,૫૦૦ જેટલા શર્ટ અને ટી-શર્ટ, ૪૦૦ જેટલા દીકરીઓ માટેના ડ્રેસ અને કુર્તી તેમજ ૩૦૦ જેટલી સાડીઓ સહિતના હજારો કિલો વસ્ત્રોનો સમાવેશ થાય છે. દરેક ઉંમર અને સાઇઝ (માપ) પ્રમાણે તેનું શોર્ટ લિસ્ટિંગ કરી પેકિંગ કરવામાં આવશે જેથી જે-તે વ્યક્તિને તેના માપના યોગ્ય કપડાં મળી રહે. વસ્ત્રદાન આપવા માટે સનાતન ફાઉન્ડેશનનો 92892 91891 પર સંપર્ક કરવા

ગેસ શુદ્ધીકરણના ફિલ્ટર મટિરિયલના મૂલ્યાંકન માટે મંત્રાના વૈજ્ઞાનિકો દ્વારા ONGCની મુલાકાત




સુરતઃ ઓઇલ અને ગેસ ઉદ્યોગમાં ગેસ શુદ્ધિકરણ માટે ઉપયોગમાં લેવાતી અદ્યતન ફિલ્ટરેશન ટેક્નોલોજીમાં ટેક્નિકલ ટેક્સટાઇલની વધતી ઉપયોગીતાને ધ્યાનમાં રાખીને ONGCના હજીરા પ્લાન્ટ દ્વારા સુરત સ્થિત MANTRAના વૈજ્ઞાનિકોનો સહયોગ માંગવામાં આવ્યો છે. ભારત સરકારના કાપડ મંત્રાલયની સંશોધન સંસ્થા MANTRAના ડિરેક્ટર અને વૈજ્ઞાનિક ડૉ.પંકજ ગાંધી તથા ડેપ્યુટી ડિરેક્ટર ડૉ.હિતેશ જરીવાલાએ 30 ઓક્ટોબરે ONGC હજીરા પ્લાન્ટની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન INDUTECH (Industrial Textiles) ક્ષેત્રના ફાઇબર આધારિત ફિલ્ટર મટિરિયલ, ખાસ કરીને સેલ્યુલોઝ આધારિત પ્રી-કોટ ફિલ્ટર એઇડની કામગીરી, ગુણધર્મો અને ઔદ્યોગિક ઉપયોગીતા અંગે વિસ્તૃત ટેક્નિકલ ચર્ચા કરવામાં આવી હતી. ફિલ્ટર મટિરિયલના પ્રયોગશાળાકીય પરીક્ષણ અને વૈજ્ઞાનિક મૂલ્યાંકન માટે પણ ONGC દ્વારા MANTRAને વિનંતી કરવામાં આવી હતી.

ઉર્સે રિફાઇ: રિફાઇ બાવાની દરગાહ રોશનીથી ઝળહળી

સુરતઃ સુરતના વરિયાવી બજાર સ્થિત રિફાઇ બાવા સાહેબની બડી ગાદીની સૌથી મોટી દરગાહ ખાતે સંદલ ઉર્સની ઉજવણી નિમિત્તે દરગાહને આકર્ષક રોશનીથી શણગારવામાં આવી છે. સંદલ,ઉર્સના પવિત્ર અવસરે સુરત શહેર ઉપરાંત બહારગામથી પણ મોટી સંખ્યામાં ઝાયરીનો અને શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા છે. દરગાહ પર દર્શન અને અકીદતની ચાદર ચઢાવી શ્રદ્ધાળુઓએ રિફાઇ બાવાને ખિરાજે અકીદત પેશ કરી રહ્યાં છે.

લાજપોર જેલમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરાઈ



સુરતઃ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે ૩૧ ઓક્ટોબરના રોજ રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી અંતર્ગત લાજપોર મધ્યસ્થ જેલ ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેલ અને સુધારાત્મક વહીવટના પોલીસ મહાનિદેશક ડૉ. કે.એલ.એન. રાવ તથા નાયબ પોલીસ મહાનિરીક્ષક સરોજ કુમારીના માર્ગદર્શન હેઠળ જેલ અધિક્ષક શ્રીપાલ શેષમાના વડપણમાં કાર્યક્રમો યોજાયા હતા. કાર્યક્રમની શરૂઆત જેલ પરિસરમાં સ્થાપિત સરદાર પટેલની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ અધિકારીઓ, કર્મચારીઓ અને ઉપસ્થિત સભ્યોએ રાષ્ટ્રીય એકતાના શપથ લીધા હતા. રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો સંદેશ આપવા 'રન ફોર યુનિટી' યોજાઈ હતી, જેમાં જેલના અધિકારીઓ, કર્મચારીઓ, અણુવ્રત સમિતિના સભ્યો અને મોટી સંખ્યામાં બંદિવાનો જોડાયા હતા.આ પ્રસંગે CESTAT અમદાવાદના ન્યાયિક સભ્ય સોમેશ અરોરાએ બંદિવાનો માટે 'સકારાત્મક વિચારો અને ઊર્જા સાથે માઇન્ડફુલ હીલિંગ અને રિફોર્મેશન' વિષય પર માર્ગદર્શન આપ્યું હતું. સાંજે એકતાનગર ખાતે યોજાયેલા રાષ્ટ્રીય એકતા દિવસના મુખ્ય કાર્યક્રમનું જીવંત પ્રસારણ અધિકારીઓ, કર્મચારીઓ અને બંદિવાનોએ નિહાળ્યું હતું.